# (B - 49) સાક્ષાત્ સરસ્વતી દેવી તમે માતા

સાક્ષાત્ સરસ્વતી દેવી તમે માતા
વીરપુરીમાં પધારીયા રે....

વીરપુરીના ભાગ્ય અહો ખૂલ્યા,
પગલા થતા માત તારા રે...

વીરપુરી મારી ધન્ય બની આજે,
પાવન પગલાથી માત તારા રે....

દિવ્ય સંસ્કારો લઈને તું તો આવી
આરાધનાની તું તો દેવી રે....

જ્યારે જુઓ ત્યારે જ્ઞાનમાં ને જ્ઞાનમાં,
સદાય વધતી આગળ રે....

વચનામૃત અણમોલ તે તો આપીયા,
ભવ્યોને બહુ હિતકારી રે...

આતમનો રંગ તને લાગતા રે ઓ ભાઈ
વિભાવ નીતરી જાશે રે...

બધા તાળાની એક જ છે ચાવી
જ્ઞાયકનો અભ્યાસ કરવો રે....

દર્શન 'જ્ઞાન'ના તોરણો તે બાંધ્યા
આતમના આંગણા દીપાવીયા રે....

સિદ્ધના સંગે પહોંચવા માટે
ડગલા ઝડપથી માંડતી રે....

ઉપકારો અનંત માત છે તાહરા
કદી ના એ અમે ભૂલશું રે....

મંગલ વધાઈ આજ છે તાહરી
ચરણોમાં તુજને વંદના રે...

કૃપા દૃષ્ટિ તમે રાખજો સદાય,
ચરણોમાં અમને રાખજો રે....સાક્ષાત્ સરસ્વતી